# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAAC Accreditation CGPA 3.11 Grade - 'A'**

---

## <u>પરિપત્ર</u>

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/ ઈન્સ્ટિટ્યુટના નિયામકશ્રીઓને જણાવવાનું કે, સરદાર પટેલ યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ વર્ષ ૨૦૨૩-૨૪થી NEP- 2020 અંતર્ગત નવો અભ્યાસક્રમ લાગુ થયેલ છે, યુનિવર્સિટીના પરિપત્ર નં.-ઈ-૩/૮૭૧, તારીખઃ ૭/૬/૨૦૨૨(સંદર્ભ પત્ર નંઃડી/૨૨૦૫,તારીખઃ ૧૩/૭/૨૦૧૬) મુજબ, વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ મળીને ત્રણ વિષયો કરતા વધુ NC(Not Clear)હોય, તેવા વિદ્યાર્થીઓને પાંચમાં સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવતો નથી.

વિવિધ કોલેજોની મૌખિક અને લેખિત રજૂઆત અને વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ "જે વિદ્યાર્થીઓએ સ્નાતક કક્ષાએ એકેડેમિક વર્ષ ૨૦૨૩-૨૪ (NEP System મુજબ) થી પ્રવેશ મેળવેલ છે તથા સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૪ ની યુનિવર્સિટીની બાહ્ય પરીક્ષા (External Exam) આપેલ હોય અને પ્રથમ અને બીજા સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને ત્રણ વિષયો કરતા વધુ NC(Not Clear) હોય તેવા વિદ્યાર્થીને પણ પાંચમાં સેમેસ્ટરમાં પ્રવેશ આપવો" સદર બાબતનો અમલ એકેડેમિક વર્ષ ૨૦૨૬-૨૭ થી લાગુ રહેશે.

એકેડેમિક વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ કે જેઓ (Non NEP અભ્યાસક્રમવાળા) સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૪ની યુનિવર્સિટીની બાહ્ય પરીક્ષા (External Exam) આપેલ હોય, અને પ્રથમ અને બીજા સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને ત્રણ કરતા વધુ NC(Not Clear) હોય તેવા વિદ્યાર્થીને પણ પાંચમાં સેમેસ્ટરમાં યુનિવર્સિટીના જૂના અભ્યાસક્રમની જ પૂર્વ મંજુરી સાથે જુના અભ્યાસક્રમ જ પ્રવેશ આપવાનો રહેશે.

સદર બાબત અંગે સબંધકર્તા વિદ્યાર્થીઓના સંપર્ક કરી પાંચમાં સેમેસ્ટરમાં પ્રવેશ આપવા બાબતે જણાવવામાં આવે છે. સબંધકર્તા વિદ્યાર્થીને જાણ કરવાની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજ/સંસ્થાની રહેશે તેમજ વિદ્યાર્થીઓને કરેલ જાણ અને આપેલ પ્રવેશની માહિતી એકેડેમિક વિભાગમાં આચાર્યશ્રી/નિયામકશ્રીના સહી સિક્કા સાથે આપવાની રહેશે.

કુલસચિવ

નંઃડી/૨૦૨૬-૨૭/૩૧૯૪
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૦૪/૦૮/૨૦૨૬

પ્રતિઃ

૧. આચાર્યશ્રી, યુનિવર્સિટી સબંધકર્તા સંલગ્ન કોલેજ / ઈન્સ્ટિટ્યુટની સંસ્થાઓ તરફ.
૨. વડાશ્રી, પરીક્ષા વિભાગ, સ.પ.યુનિવર્સિટી તરફ જાણ સારૂ.